**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરમાં કોરોનાના રેપીડ ટેસ્ટીંગ કેન્દ્રો સેકટરની શાળાઓમાં રાખવા માંગણી

## દરેક સેકટરોની પ્રાથમિક શાળાઓના સંકુલોમાં ટેસ્ટીંગ અને વેકસીનેશન કેન્દ્રો ખોલવા પ્રબળ બનતી માંગ

ગાંધીનગર, તા.૧૩

કોરોનાનો કહેર દિવસેને દિવસે વધતો જાય છે અને તે સાથે કોરોના ટેસ્ટ કરાવા માટે શહેરીજનોની લાઈન દિવસેને દિવસે વધતી જઈ રહી છે ત્યારે તંત્ર દ્વારા સે-૭, ૧૬, ૨૧, ૨૪, ૨૯ ખાતે કોવિડ એન્ટીજન ટેસ્ટ માટેના તંબુ બાંધવામાં આવ્યા છે જયાં શહેરીજનોની લાઈન સવારના પહોરથી જ શરૂ થઈ જાય છે. હવે એક બાજુ ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે અને આ ભયંકર તાપમાં સ્વાસ્થ્યકર્મીઓ અને સાથે કોરોના ટેસ્ટ કરાવવા આવનાર દર્દીઓએ ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ટેસ્ટ કરવા માટેના મંડપ જાહેર સ્થળે બાંધવામાં આવ્યા છે એટલે જો ટેસ્ટ કરાવવા આવનાર શહેરીજનોમાંથી ૫ ટકા દર્દીને પણ



કોરોના હોય તો તેનો ફેલાવો ઝડપથી થઈ શકે છે. આ બાબતને ધ્યાનમાં લઈ શહેરીજનો અને ખાસ શહેરના યુવાનોનું કહેવું છે કે ગાંધીનગરના હેલ્થ સેન્ટર પર કે શહેરની સરકારી શાળામાં કોવિડ ટેસ્ટ માટેની વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવાવી જોઈએ જેને કારણે સ્વાસ્થ્ય કર્મીઓ અને શહેરીજનોને તકલીફ ન પડે સાથે સોશિયલ ડિસ્ટન્સીંગ પણ જળવાય આ ઉપરાંત કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે અને સિવિલ કે અન્ય પ્રાઈવેટ હોસ્પિટલમાં બેડ ખાલી નથી ત્યારે તંત્ર દ્વારા આ સરકારી શાળાઓ પણ હાલ શહેરની જનતા માટે ખુલ્લી મુકવી જોઈએ અને કોવિડ સેન્ટરમાં હાલ કન્વર્ટ કરવી જોઈએ.

શહેરમાં કોરોનાના કેસ સાથે મૃત્યુ આંક પણ વધી રહ્યો છે. દર્દીને યોગ્ય સારવાર અર્થે હાલ હોસ્પિટલમાં બેડ ખાલી નથી ત્યારે શહેરના યુવાન સચિન ઠકકર તથા મિત્રો દ્વારા સરકારને અપીલ કરવામાં આવી છે કે, શહેરની તમામ સરકારી શાળા અને ટાઉનહોલના એકઝિબિશન ડોમને કોવિડ સેન્ટરમાં ફેરવીને ત્યાં દર્દીઓને કવોરન્ટાઈન કરી સારવાર કરવી જોઈએ અને કોરોના ટેસ્ટ પણ આ શાળાની બિલ્ડીંગમાં જ થવા જોઈએ એટલે સોશિયલ ડિસ્ટન્સીંગ પણ જળવાય અને શહેરીજનો સાથે સ્વાસ્થ્યકર્મીઓને પણ ગરમીનો સામનો ન કરવો પડે. આમ જોવા જઈએ તો શહેરમાં કોરોનાને કારણે સ્થિતિ એટલી ગંભીર છે કે રેપિડ અને આરટીપીસીઆર ટેસ્ટ કરાવવા માટે સરકારી અને પ્રાઈવેટ દવાખાના તમામ જગ્યાએ સવારથી લાંબી લાઈન લાગે છે.

## આવો સૌ સાથે મળી ૩ દિવસ સ્વ નિવાસસ્થાને પરમ તત્વને પ્રાર્થીએ

પરિસ્થિતિ અતિ વિકરાળ બની રહી છે, અકલ્પનીય છે. જાણે આભ ફાટ્યુ હોય તેમ રોજ નવી નવી સમસ્યાઓ વકરે છે. હોસ્પિટલો ખુટી પડી છે... દવાઓ માટે રઝળપાટ છે... ઓક્સિજન માટે ફાંફા છે... એમ્બ્યુલન્સ અને શબવાહિનીની ચિચિયારીઓ ચારેકોર છે... સરકારના સાધનો ટાંચા પડે છે. સમાજ પણ શક્ય તેટલી મદદે આવે છે. આમ છતાં કણસતા દર્દીઓને સહન કરવા મુશ્કેલ છે. કંઈક કરવું છે છતાંય કશુ જ નથી થઈ શકતું કારણ કે કોરોના વિકરાળ રીતે વિલન થઈ રહ્યો છે.

**સમયસર**

હવે... આપણી ધીરજ અને હિંમત ખુટી જાય તેવી સ્થિતિમાં માત્ર અને માત્ર પ્રાર્થના એકજ પરિબળ છે જે સ્થિતિને સકારાત્મક બનાવી શકે છે અને એટલે જ આપણા ત્યાં કહેવાય છે કે દવાઓ ખુટી પડે ત્યારે દૂવાઓ અસરકારક બને છે. આ કસોટીના કાળે સ્થિર રહીને સૌ સૌના ઈષ્ટદેવને પ્રાર્થીએ... કે હે પ્રભુ..! આ વિકટ સંજોગોમાં સમાજની સ્થિરતા જળવાય... સ્વાસ્થ્ય જળવાય તેવી શક્તિ આપે. હે પરમ તત્વ કોરોના સામેના જંગમાં જે દર્દીઓ હારી ગયા છે... જે મૃત્યુ પામ્યા છે તે સૌને સદ્ગતિ આપે... કોઈની મા ગઈ છે... કોઈના પિતા ગયા છે... કોઈનો ભાઈ ગયો છે... કોઈની પત્નિ ગઈ છે... કોઈનો પતિ ગયો છે...! એવા તમામ પરિવારને શક્તિ માટે પ્રાર્થના કરીએ. આ સંકટની ઘડીએ 'ગાંધીનગર સમાચાર' સૌ વાચક સ્વજન પરિવારોને વિનંતી કરે છે કે ૩ દિવસ એટલે કે બુધવાર-ગુરૂવાર અને શુક્રવાર પોત પોતાના નિવાસસ્થાને સાંજે ૭.૦૦ થી ૭.૩૦ પોત પોતાના આરાધ્ય દેવને પ્રાર્થના કરે... વંદન કરે... અને આ સંકટમાંથી સમાજને ઉગારી લેવા આજીજી કરે... આ ક્ષણે પ્રાર્થના એક જ અમોઘ શસ્ત્ર છે મહામારીમાંથી હેમખેમ બહાર નીકળવાનું... આવો સૌ સાથે મળી પરમ તત્વને પ્રાર્થીએ ફરીથી અમારો સમાજ ધબકતો...હસતો-રમતો થાય.

## જન્મદિને વધામણી



શકુંતલાબેન એમ. નાયક
ફોન. ૨૩૨-૫૧૧૫૩



રમીલા ઠક્કર
લાયોનેસ કલબ



હરિશ એમ ગરૂબસાણી
મો. ૯૯૭૪૩ ૫૩૮૦૨



એ.સી. રાવલ
મો. ૯૪૦૯૬ ૧૬૮૮૦



ચૈત્ર સુદ એકમ એ મરાઠી નવા નર્ષનો પ્રથમ દિવસ છે. ગુડી પડવાને 'વર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે હિંદુઓ કોઈ પણ નવી બાબતનો પ્રારંભ કરવા માટે શુભ દિવસ જ પસંદ કરે છે. આ દિવસે નવા સંવતનો પ્રારંભ થાય છે અને નવું પંચાંગ પણ શરૂ થાય છે. આ દિવસની શરૂઆત કડવા લીમડાનાં પાન ખાવાથી કરવાની પ્રથા છે. શહેરના મહારાષ્ટ્ર સમાજના સભ્યોએ ઘરે ઘરે આ તહેવારને ઉલ્લાસપૂર્વક ઉજવ્યો હતો.

## ગાંધીનગરમાં રાત્રિ કર્ફયુ દરમિયાન પોલીસ દ્વારા વાહન ચેકીંગ



કોરોનાની વૈશ્વિક મહામારી અટકવાનું નામ લેતી નથી ત્યારે ગાંધીનગર શહેર સહિત ૨૦ શહેરમાં રાત્રીના ૮ થી સવારના ૬ કલાક સુધી કર્ફયુ હોય છે. ગાંધીનગર શહેરના તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર સાંજ પડતા જ પોલીસનો બંદોબસ્ત ગોઠવાઈ જાય છે. વાહન ચેકીંગ કરી કર્ફયુની કડક અમલવારી કરવામાં આવે છે.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા દિવાસળીની મદદથી વિવિધ આકારો બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે દિવાસળીની મદદથી વિવિધ આકારો બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૧ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વાલીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ દિવાસળીની મદદથી વોલપીસ, ફૂલદાની, ઘર, ટેબલ, ખુરશી વગેરે જેવા વિવિધ આકારો બનાવ્યા હતા.

## ઉવારસદમાં મહિલાનો બુટ્ટી સાથે કાન કાંપીને ભાગતો આધેડ ઝડપાયો





ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામે વહેલી સવારે ઓટલા પર સુઈ રહેલા મહિલાનો કાન કાંપી નાંખ્યો હતો. કાન કાંપતા બુમાબુમ થતા ગ્રામજનો એકઠા થઈ ગયા હતા. જયારે મહિલાના પતિએ લાઈટની બત્તી કરતા એક શખ્સ રોડ બાજુ દોડતો દેખાયો હતો. જેથી તેનો પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા શખ્સ પાસેથી મહિલાનો બુટ્ટી સાથેનો કાન, ચપ્પુ મળી આવ્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલીક આવી પહોંચીને શખ્સની અટકાયત કરી હતી.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ મુળ ટીંટોડા ગામના વતની અને ઉવારસદ રણજીપુરા ખાતે આવેલા સરોનીટી ફાર્મમાં ચોકીદાર તરીકે ફરજ બજાવતા ગણપતભાઈ પોપટભાઈ દંતાણી(ઉં.૩૨) પત્ની શિલ્પાબેન અને ત્રણ સંતાનો સાથે રહે છે. ગણપતભાઈનો પરિવાર ફાર્મની અંદર ઓટલા પર સુઈ ગયો હતો. ત્યારે મંગળવારના રોજ વહેલી સવારે ૪ વાગે શિલ્પાબેનનો કાન કાપી લીધો હોવાથી બુમાબુમ થઈ હતી. જેથી તુરંત ગણપતભાઈએ લાઈટ કરતા એક શખ્સ રોડ પર ભાગીને જઈ રહ્યો હતો. જેને અનુલક્ષી ગણપતભાઈ તેની પાછળ દોડ્યા હતા.હોહા થતા આસપાસના શેરીઓના ગ્રામજનો દોડી આવ્યા હતા. ત્યારે કાન કાંપીને ભાગેલો શખ્સ દોડતા દોડતા પડી ગયો હતો. ગ્રામજનોએ તેને પકડી પાડીને તલાશી લેતા શિલ્પાબેનનો બુટ્ટી સાથેનો ડાબો કાન અને એક ચપ્પુ મળી આવ્યું હતું. જેથી ગ્રામજનોએ ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસ બોલાવી હતી. બનાવ અંગે જાણ થતા જ પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો. પોલીસે તેનું આરોપીનું નામ પુછતા તેણે ધોળકાના ચરીયાણા ગામનો મનુ ઉર્ફે ડેમા અમરાભાઈ દેવીપુજક (ઉં.૬૫) હોવાનું સામે આવ્યું હતું. આ આધેડે રૂ.૧૦ હજારની બુટ્ટી લુંટ અંગે મહિલાનો કાન કાંપી નાંખ્યો હતો. અડાલજ પોલીસ મથકે ગણપતભાઈએ ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## બે દિકરીઓ સાથે કેનાલમાં કુદકો મારનાર પિતાનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની લીંમ્બડીયા નર્મદા કેનાલમાં બે દિકરીઓ સાથે મોતની છલાંગ પિતાએ લગાવી હતી. ત્યારે બે દિકરીઓના મૃતદેહ કરાઈ પાસેની નર્મદા કેનાલમાંથી મળી આવ્યા હતા. પરંતુ દિકરીઓના પિતાનો મૃતદેહ ચોથા દિવસે સાંતેજ નર્મદા કેનાલ પાસેથી મળી આવ્યો છે. જયારે યુવકનું બાઈક તેમજ મોબાઈલ લીમ્બડીયા કેનાલ પાસેથી મળી આવ્યા હતા. જેથી મૃતક દિકરીઓ માધવગઢની ઓડ પરિવારની હોવાનું સામે આવ્યું હતું. જયારે માધવગઢ ખાતે રહેતા શૈલેશભાઈ ઓડ ટ્રેકટરમાં રેતીના ફેરા મારીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બાળકીઓને વાળ કપાવવાનું કહીને શૈલેશભાઈ બાઈક પર લઈને તેઓ ગયા હતા. લીંમ્બડીયા કેનાલમાં બે બાળકીઓ સાથે શૈલેશભાઈએ મોતની છલાંગ લગાવતા સ્થાનિક નગારીકોએ તમામને બચાવવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા.પંરતુ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.ફાયર બિગ્રેડના જવાનોને બે દિકરીઓના મૃતદેહ મળી આવ્યા હતા.જયારે શૈલેશભાઈનો મૃતદેહ હાથમાં આવ્યો ન હતો. ત્યારે સાંતેજના ગણપતપુરા ગામની સીમમાં આવેલી કેનાલમાંથી શૈલેશભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવને ચાર દિવસનો સમય થયો છે છતા કયાં કારણોસર બે દિકરીઓ સાથે શૈલેશભાઈએ આ પગલુ કેમ ભર્યું તે જાણી શકાયું નથી. બનાવને પગલે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## નવવર્ષના પ્રભાતે "સર્વ મંગલ-સર્વ નિરામય" ભાવ સાથે યજ્ઞમાં આહૂતિ અર્પી સર્વકલ્યાણની કામના કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે ભારતીય નવવર્ષ વિક્રમ સંવતના પ્રારંભ ચૈત્ર સુદ પ્રતિપદાના પાવન પ્રસંગે રાજભવન ખાતે વિશેષ યજ્ઞનું આયોજન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ નવવર્ષના પ્રભાતે "સર્વ મંગલ-સર્વ નિરામય" ભાવ સાથે યજ્ઞમાં આહૂતિ અર્પીને સર્વકલ્યાણની ઈશ્વર સમક્ષ પ્રાર્થના કરી હતી. કોરોના મહામારીમાંથી સમસ્ત વિશ્વ મુક્ત થાય અને સર્વેત્ર શાંતિની સ્થાપના થાય તે માટે શાંતિપાઠનું સ્તવન પણ કરાયું હતું.



ઉનાળામાં પશુ-પંખીઓને પીવાના પાણીની ખૂબ જ તકલીફ પડે છે. જીવદયા પ્રેમીઓ આ બાબતનો ખ્યાલ રાખી રહ્યા છે. બગીચાઓમાં પાણીના મોટા મોટા કુંડા ભરીને મુકવામાં આવી રહ્યાં છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠેર ઠેર ભટકતા વાંદરાઓ કુંડાઓમાંથી પાણી પીને પોતાની તરસ છીપાવી રહ્યા છે. પંખીઓ માટે પણ આવા પાણી ભરેલાં કુંડા આશીર્વાદ સમાન બની રહ્યા છે.

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ મુલચંદભાઈ નરસિંહદાસ, ઉ.વ. ૯૨, કલોલ
- સ્વ. પટેલ કપીલાબેન ચંદ્રકાન્તભાઈ, ઉ.વ. ૫૩, રાયસણ
- સ્વ. પટેલ મહેશભાઈ માધવલાલ, ઉ.વ.૫૫, શોભાસણ, વડનગર
- સ્વ. બારોટ રામક્રિષ્ણભાઈ પરસોત્તમભાઈ, ઉ.વ. ૭૫, સેકટર-૩
- સ્વ. ધનકાની પુરૂષોત્તમ રામચંદ્ર, ઉ.વ. ૬૯, સેકટર-૪
- સ્વ. ઠાકોર બબીબેન રમણભાઈ, ઉ.વ. ૫૭, સેકટર-૪
- સ્વ. પ્રજાપતિ શાન્તાબેન કુબેરભાઈ, ઉ.વ. ૭૨, લવારપુર
- સ્વ. પાટીલ ભાસ્કર સોનુ, ઉ.વ. ૭૯, સેકટર-૩ ન્યુ
- સ્વ. સોનવાણી સઈતર ગનારામ, ઉ.વ. ૫૫, ઉવારસદ
- સ્વ. સુથાર જયોત્સનાબેન નરેન્દ્રકુમાર, ઉ.વ. ૭૭, સેકટર-૮
- સ્વ. પટેલ પ્રભુદાસ ગોવિંદભાઈ, ઉ.વ. ૭૭, કુડાસણ
- સ્વ. પુંજાણી લક્ષ્મીશંકર શિવશંકર, ઉ.વ. ૯૪, સેકટર-૨૨
- સ્વ. સેઠ શશી કેશવનાથ, ઉ.વ. ૪૮, ઈન્ફોસીટી
- સ્વ. મહેતા જગદીશકુમાર બાબુલાલ, ઉ.વ. ૬૬, કુડાસણ
- સ્વ. જોષી મધુકાન્તાબેન ચુનીલાલ, ઉ.વ. ૮૪, સેકટર-૫
- સ્વ. પ્રજાપતિ ઈશાબેન દેવકરણભાઈ, ઉ.વ. ૯૨, સેકટર-૩


## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે પ્રોજેક્ટ મેળો યોજાયો

ગાંધીનગર, તા.૧૩

દર વર્ષે તમામ વિભાગના કાર્યની નવીનતામાં સુધારો થાય છે ત્યારે વિદ્યાર્થીઓમાં સહયોગ અને સહ-સર્જનને પ્રોત્સાહિત કરવા અને વધારવા માટેના હેતુ સાથે દરેક વિભાગમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે અંતિમ વર્ષનો પ્રોજેકટ મેળો યોજવાની પરંપરા છે. આ પ્લેટફોર્મ પૂર્વ-અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને આગામી વર્ષમાં તેમના પ્રોજેક્ટ્સ કેવી રીતે ચલાવશે તે અંગે થોડો વિચાર મેળવવામાં પણ મદદ કરે છે.

આ પ્રોજેકટ ફેરમાં દરેક વિભાગે તેમના શ્રેષ્ઠ ત્રણ પ્રોજેકટ અને IEEE પેપરની ચકાસણી કરી હતી જેનો ઉપયોગ આગળના કોઈપણ એવોર્ડ અને સ્પર્ધા માટે થાય છે. વર્તમાન કોવિડ -૧૯ પરિસ્થિતિને જોતા આ વર્ષે અંતિમ વર્ષનો પ્રોજેકટ મેળો ૧૩ એપ્રિલ ૨૦૨૧ ના રોજ ઓનલાઈન યોજાયો હતો. આ પ્રોજેકટ ફેરમાં દરેક વિભાગે તેમના શ્રેષ્ઠ ત્રણ નવીન પ્રોજેકટ્સ અને IEEE પેપરની ચકાસણી કરી હતી જેનો ઉપયોગ કોઈપણ એવોર્ડ અને સ્પર્ધા માટે થાય છે. તેથી આ પરંપરાને જાળવી રાખીને, આ પ્રોજેકટ મેળામાં સંખ્યાબંધ કોર્સના નવીન પ્રોજેકટ્સનો સમાવેશ થાય થયો હતો જેમ કે ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવિલ, કમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગો જેમાં ૬૦ થી વધુ પ્રોજેક્ટ્સ વિવિધ શૈક્ષણિક નિષ્ણાતો દ્વારા વિશ્લેષણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા અને તેમને વધુ સર્જનાત્મક બનવાની પ્રેરણા આપી હતી. પૂર્વ-અંતિમ વર્ષનો વિદ્યાર્થી પણ આ તક મેળવી શકે છે અને તેમના આગામી ૭ મા સેમેસ્ટર પ્રોજેકટની પસંદગી માટે નવા નવીન વિચારો મેળવવા માટે ઉપયોગમાં લેશે.

## આર.એન. પ્રાયમરી સ્કુલ ખાતે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ







આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલ ખાતે ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વસંતનો વૈભવ, મારા સ્વપ્રનું ભારત, મને શું થવું ગમે? આ વિષયો પર વિદ્યાર્થીઓએ વકતવ્ય રજૂ કર્યું હતું. જેમાં વર્ગ-૭-ના નમ્ર પટેલ, વર્ગ-૭-બીના રૂદ્ર પટેલ, વર્ગ ૭-સીના કુશ સુથાર વિજેતા બન્યા હતા. આ સ્પર્ધાનું સંચાલન આશિષભાઈ તથા બી.એડ.ના વિમલબેન, જયોતિબેન, કૃપાબેન અને સેજલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.